# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-07-2024** | **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** | **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

- **કેન્દ્ર સરકારે ધોલેરા-ભીમાનાથ નવી બ્રોડગેજ રેલવે લાઈન પ્રોજેક્ટ માટે 466 કરોડ રૂપિયા મંજૂર કર્યા**
- **સામાન્ય યુનિવર્સિટી પ્રવેશ પરીક્ષા - CUET-UGના અસરગ્રસ્ત ઉમેદવારોની પુનઃ પરીક્ષા લેવાશે.**
- **અમદાવાદમાં સેવાકીય કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે પોતાનો જન્મદિવસ ઉજવશે.**
- **રાજ્યભરમાં આજે હળવાથી મધ્યમ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી**
- **રાજ્યમાં આજે વિશ્વ યુવા કૌશલ્ય દિવસની ઉજવણી કરાશે.**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# DHOLERA RAILWAY

કેન્દ્ર સરકારે ધોલેરા-ભીમાનાથ નવી બ્રોડગેજ રેલવે લાઈન પ્રૉજેક્ટ માટે 466 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનો આભાર વ્યક્ત કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ સામાજિક માધ્યમ પર આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે, ધોલેરા ભીમાનાથ વચ્ચે 23.33 કિલોમીટરની આ નવી બ્રોડગેજ રેલવે લાઈનના પરિણામે ધોલેરાને સીધી રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે. તેમ જ દિલ્હી–મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ ફ્રેટ કૉરિડોર સાથે ધોલેરાને કનેક્ટિવિટી સુલભ થશે. આ રેલવે પ્રોજેક્ટ પૂર્ણ થતા ભવિષ્યમાં ધોલેરા S.I.R.ના ઉદ્યોગો માટે ફિનિશ્ડ પ્રૉડક્ટ્સ અને કાચી માલસામગ્રીના આવાગમન માટે પણ ઝડપી કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

---------------------------------------------------------------------

-(હિન્દુસ્થાન સમાચાર – પ્રવેશ)

-(NAVIN)

# REV.-CUET-UG---RETEST

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા NTAએ જાહેરાત કરી છે કે, સામાન્ય યુનિવર્સિટી પ્રવેશ પરીક્ષા CUET-UG ના અસરગ્રસ્ત ઉમેદવારોની પુનઃ પરીક્ષા 19 જુલાઈએ લેવાશે. આ પરીક્ષા સીબીટી એટલે કે, કમ્પ્યુટર-આધારિત ટેસ્ટ માધ્યમથી લેવાશે. ઉમેદવારોને તેમના વિષય કોડનો ઉલ્લેખ કરીને ઈ-મેલ દ્વારા માહિતી મોકલવામાં આવી છે. પરીક્ષાના પ્રવેશપત્ર ટૂંક સમયમાં વેબસાઇટ પર મૂકવામાં આવશે.

NTAએ કહ્યું કે, વિષય નિષ્ણાતોના પ્રતિસાદના આધારે ફાઇનલ આન્સર કી તૈયાર કરવામાં આવી રહી છે, જે ઑનલાઇન મળેલા વાંધાઓને ધ્યાને લઈ સત્તાવાર વેબસાઇટ પર ટૂંક સમયમાં અપલોડ કરવામાં આવશે. આ પ્રવેશ પરીક્ષા મે મહિનામાં ભારત બહારના 26 શહેરો સહિત 379 શહેરોના વિવિધ પરીક્ષા કેન્દ્ર પર લેવામાં આવી હતી.

---

-પુલ, કરણ -(NAVIN)

# CM PATEL BDAY

રાજ્યના 18મા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે પોતાના 62મા જન્મદિવસ નિમિત્તે અમદાવાદના ઘાડલોડિયા મતવિસ્તારમાં યોજાનારા વિવિધ સેવાકીય કાર્યક્રમોમાં સહભાગી થશે. મુખ્યમંત્રીશ્રી સૌપ્રથમ સવારે ગોતા વિસ્તારમાં અમદાવાદ મહાનગરપાલિકાની સફાઈ કામદાર બહેનોના હસ્તે થનારા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ તેઓ બોડકદેવમાં પંડિત દિનદયાળ હૉલ ખાતે સિગ્નલ શાળાના બાળકો તેમ જ તેમના માતા-પિતાની આરોગ્ય ચકાસણી, આયુષ્માન કાર્ડ અને આધારકાર્ડ કેમ્પમાં જોડાશે.

મુખ્યમંત્રીશ્રી સોલા વિસ્તારમાં સોલા સિવિલ હૉસ્પિટલના દર્દીઓને ફળ વિતરણ, વસ્ત્રાપુર અંધજન મંડળ ખાતે દિવ્યાંગ બાળકોને ભોજન, પોતાના મતવિસ્તાર ઘાટલોડિયામાં સમાવિષ્ટ તમામ આંગણવાડીના બાળકોને ફળ વિતરણ, ખોડિયાર ગામ ખાતે 62 સગર્ભ બહેનોને પૌષ્ટિક આહારકીટ વિતરણ, ઘાટલોડિયાની અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત શાળાના બાળકોને ચોપડા વિતરણ કરશે. ત્યારબાદ શ્રી પટેલ સાંજે સોલા ભાગવત મંદિર ખાતે મહાઆરતી કરશે અને થલતેજના સાંઈ મંદિર ખાતે નિરાધાર લોકોને ભોજનની સેવા પૂરી પાડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર રજનીકાંત પટેલે 12 ડિસેમ્બર 2022ના દિવસે રાજ્યના 18મા મુખ્યમંત્રી તરીકે શપથગ્રહણ કર્યા હતા. તેમની રાજકીય કારકિર્દીનો પ્રારંભ અમદાવાદની મેમનગર નગરપાલિકાના સભ્ય તરીકે થઈ હતી. આ પહેલા સૌપ્રથમ વખત મુખ્યમંત્રી તરીકે શ્રી પટેલે 13 સપ્ટેમ્બર 2021ના રોજ શપથ ગ્રહણ કર્યા હતા.

---------------------------------------------------------------

-\\ APARNA KHUNT – CMO GUJARAT WEBSITE – PRAVESH. -(NAVIN)

# RAIN

રાજ્યના હવામાન વિભાગે આજે સમગ્ર ગુજરાતમાં હળવાથી મધ્યમ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં એકસાથે ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે જેના કારણે ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપ્યું છે. જ્યારે રાજ્યના બાકીના જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે વ્યક્લ્ત કરી છે. વરસાદ વરસતા ડાંગ જીલ્લાની સુંદરતામાં વધારો થયો છે. ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જામતા અંબિકા, ગીરા, ખાપરી અને પૂર્ણા નદીમાં પાણીની આવક થઇ છે.. વલસાડ જિલ્લામાં સતત ચાર દિવસથી વરસાદી માહોલ જામી રહ્યો છે. ધરમપુર અને કપરાડા તાલુકામાં અલગ અલગ વિસ્તારોમાં ઝરણાં સક્રિય થઈ ગયાં છે.. તેમજ ધરમપુરના વિલ્સન હિલ નજીક આવેલો શંકર ધોધ,, સક્રિય થતાં આસપાસ પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠી છે.

-------------------------------------------------------------------

-IMD ડીડી. ગુજરાતી કરણ, પ્રવેશ -(NAVIN)

# VISHAV KAUSHALY DIVAS

રાજ્યમાં આજે વિશ્વ યુવા કૌશલ્ય દિવસ ઉજવવામાં આવશે. યુવાઓમાં કૌશલ્યનો વિકાસ થાય અને દેશ ઉન્નતિના માર્ગે નવી ઉંચાઇઓ પ્રાપ્ત કરે તે માટે દર વર્ષે 15 જુલાઇએ વિશ્વ કૌશલ્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે.

'કૌશલ્ય સાથે શિક્ષણ'ના હેતુ સાથે રાજ્યના યુવાનોના કૌશલ્યને કેન્દ્રમાં રાખીને 'સ્કિલ સ્માર્ટ' અભ્યાસ થકી રોજગારી આપવાના ઉદ્દેશથી કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા ડ્રોન ઉત્પાદનનું ટાઈપ સર્ટિફિકેટ મેળવનાર દેશની પ્રથમ યુનિવર્સિટી બની છે.

ડ્રોન મંત્રા લેબમાં 100 ડ્રોનનું નિર્માણ કરાયું છે અને પાયલટ તાલીમમાં તેના ઉપયોગ કરવામાં આવશે. 19 ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પાયલટ તાલીમ શરૂ થશે.. ખેડૂત તથા ખેડૂત પુત્રોને 1200 રૂપિયાના નજીવા દરથી ડ્રોન પાયલટ તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

---

-રીપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# aklavya school children discharched

છોટાઉદેપુરની પુનિયાવાંટ એકલવ્ય મોડેલ સ્કૂલના ઋતુજન્ય રોગોના કારણે બિમાર પડેલા 116 બાળકો પૈકી 45 બાળક સ્વસ્થ થયા છે. જિલ્લા હૉસ્પિટલમાંથી 20 અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર, તેજગઢમાંથી 25 બાળકને સ્વસ્થ થતાં ગઇકાલે રજા આપવામાં આવી હતી.

છોટાઉદેપુરના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, આ બાળકોને તાવ, ઝાડા, ઉલ્ટી, સામાન્ય દુઃખાવા સહિતની ફરિયાદ હતી. રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ટુકડીએ શાળાના બાળકોની તપાસ કરી હતી.

જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લા હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ આરોગ્ય ટીમને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા બાળકોને સતત સારવાર આપવામાં આવી રહી છે. દરમ્યાન ભાજપના સાંસદ જસુ રાઠવા અને કૉંગ્રેસના નેતા સુખરામ રાઠવા અસરગ્રસ્ત બાળકોની ખબરઅંતર પૂછવા દવાખાને પહોચ્યાં હતા.

---

- પીટીસી છોટા ઉદેપુર કરણ -(NAVIN)

# PORBANDAR TB MUKTA PANCHAYAT

પોરબંદર જિલ્લાની 41 ટીબીમુક્ત પંચાયતને પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરાશે. જિલ્લા કલેક્ટર કે. ડી. લખાણીની અધ્યક્ષતામાં ક્ષય રોગ નિવારણ અંતર્ગત સમીક્ષા બેઠક ગઈકાલે યોજાઈ ગઈ. આ અંગે માહિતી આપતાં જિલ્લા ક્ષય કેન્દ્રનાં ડૉ. સીમા પોપટિયા જણાવે છે કે, રાણાવાવના 13, કુતિયાણાના 11 અને પોરબંદર તાલુકાના 17 ગામ ટીબીમુક્ત બનતાં તેમને પ્રમાણપત્ર એનાયત કરાશે.

શ્રીમતી પોપટિયાએ જણાવ્યું કે, ‘ટીબીમુક્ત પંચાયત’ માટે વિગતો તૈયાર કરવામાં આવી હતી. આ ગ્રામ પંચાયતોની રજૂઆત બાદ જિલ્લાની ટીમે ગ્રામ પંચાયત ટીબીમુક્ત બની હોવાના દાવાની ચકાસણી કરી હતી. ત્યારબાદ પંચાયતને ટીબીમુક્તની જાહેરાત કરવામાં આવી છે. હવે જિલ્લા કલેક્ટરના હસ્તે 'ટીબીમુક્ત પંચાયત'નું પ્રમાણપત્ર અપાશે.

---

- HINDUSTHAN SAMACHAR - PRAVESH

-(NAVIN)

# SURAT SCHOOL SEVA

સુરતમાં નગર પ્રાથમિક શાળાના 16 બાળકોએ વીર શહીદ જવાનોના પરિવાર માટે 55 હજાર રૂપિયા એકત્રિત કર્યા છે. નાના વરાછા ખાતે આવેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા ક્રમાંક 16 ઈશ્વર પેટલીકર શાળાની બાળકીઓ જન્મદિવસે ચોકલેટ વહેંચવાની જગ્યાએ થોડી રકમ શાળામાં મુકેલી શહીદાંજલિ બોક્સમાં એકત્રિત કરે છે.

શાળાનાં આચાર્યા વૈશાલીબેને જણાવ્યું કે, છેલ્લા 6 વર્ષથી શહીદાંજલિ બોક્સમાં એકત્રિત કરવામાં આવતી રકમ શહીદ જવાનોના પરિવારોને આપવામાં આવે છે. દર વર્ષે કારગીલ વિજય દિવસે એક પરિવારને શાળામાં બોલાવી સન્માન કરવામાં આવે છે.

---------------------------------------------------------------------

- (હિન્દુસ્થાન સમાચાર – પ્રવેશ)

-(NAVIN)

# GUJ. CHANDIPURA CASE

રાજ્યના સાબરકાંઠા અને અરવલ્લી એમ બે જિલ્લામાં ચાંદીપુરાના કેસ નોંધાતા આરોગ્ય તંત્રએ સર્વેક્ષણની કામગીરી ઝડપી બનાવી છે.

સાબરકાંઠા જિલ્લામાં આરોગ્ય વિભાગની 20 ટુકડીએ હિંમતનગર તાલુકા સહિત પારગી ફળિયુ વિસ્તાર તથા સીમ વિસ્તારમાં સરવે દરમિયાન 2 હજાર 929 ઘરમાં 15 હજાર 430 જેટલા લોકોની ચકાસણી કરી હતી.

આ રોગ સેન્ડ ફલાયના કરડવાથી થાય છે અને ખાસ કરીને નાના બાળકોમાં વધારે જોવા મળે છે. હિંમતનગર અને ખેડબ્રહ્મા તાલુકામાં બે વાયરલ શંકાસ્પદ કેસ નોંધાયા છે. આમાંથી એક બાળકનો જીવ ગુમાવ્યો છે જ્યારે બીજા એક બાળકનું સ્વાસ્થ્ય સારું છે. હાલ હિંમતનગર સિવિલમાં દાખલ છે. આ બંને બાળકોના નમુના લઇ પુણે ખાતે મોકલાયા છે. જેના પરિણામ ચારથી પાંચ દિવસમાં આવશે.

અરવલ્લી જિલ્લામાં પણ વધુ બે શંકાસ્પદ ચાંદીપુરાના કેસ નોંધાતા તંત્રએ તપાસની કામગીરી શરૂ કરી છે... આ પહેલા ભિલોડા તાલુકાના બે બાળકોના શંકાસ્પદ ચાંદીપુરા વાઇરસને કારણે મોત થતાં આરોગ્ય વિભાગ દ્વારા નમુના પરિક્ષણ માટે પુણે ખાતે મોકલ્યા છે. આ ઉપરાંત મેઘરજ તાલુકાના ઢેકવા ગામના એક બાળકને લક્ષણો દેખાયા છે, જેને હિંમતનગરની સિવિલમાં PICU માં દાખલ કરાયો છે. હાલ સિવિલમાં ત્રણ બાળકો સારવાર હેઠળ છે.

આ શંકાસ્પદ વાઈરસમાં અત્યાર સુધીમાં ચાર બાળકોના મોત થયા છે..

---

-રીપીટ